ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 05th September, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

## કાલે મધ્ય રાત્રી ૧:૧૫ કલાકે એ ISRO રચશે ઈતિહાસ : ચંદ્ર પર 'વિક્રમ' નું ઉતરાણ

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૦૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ને શુક્રવાર રાત્રે ૧:૧૫ કલાકથી ૨:૩૦ કલાક સુધી ચંદ્રયાન-૨ ઉતરાણ 'વિક્રમ લેન્ડર'નું જીવંત પ્રસારણનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

આપણા ઈસરો દ્વારા ૨૨ ઓગસ્ટ,૨૦૧૯ રોજ લોન્ચ થયેલ મિશન ચંદ્રયાન-૨ પોતાની સફળતાની મહત્તમ નજીક પહોંચી વિશ્વભારમાં ચંદ્ર પર પહોચનારા દેશોમાં આપણો દેશ ચોથા ક્રમેનું સ્થાન પ્રાપ્ત કરવા જઈ રહ્યો છે. પરંતુ ઈસરો દ્વારા નિર્મિત 'વિક્રમ લેન્ડર' ચંદ્રના દક્ષિણ ધ્રુવ (Dark side) પર ઉતરાણ કરનાર વિશ્વમાં સૌ પ્રથમ યાન બનવા જઈ રહ્યું છે. આપના દેશની ગૌરવવંતી ઐતિહાસિક સફર ચંદ્રયાન-૨ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર કરોડો ભારતીઓના સપનાને સત્ય પુરવાર કરવા ઐતિહાસિક ઉતરાણ આગામી 6 સપ્ટેમ્બર, ૨૦૧૯ની મધ્ય રાત્રીએ કરશે. આ રોમાંચક અને અંતિમ પડાવની સાક્ષી બનવા તા. ૦૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ને શુક્રવાર રાત્રે ૧:૧૫ કલાકથી ૨:૩૦ કલાક સુધી ચંદ્રયાન-૨ના 'વિક્રમ લેન્ડર' ઉતરાણનું **જીવંત પ્રસારણનું** આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, દ્વારા 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે કરવામાં આવેલ છે.

આ જીવંત પ્રસારણ દ્વારા ઈસરો અને ભારતના આ શ્રેષ્ઠ 'વિક્રમ લેન્ડર'નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ ઉતરાણ અને પ્રજ્ઞાન રોવરનું ચંદ્રના દક્ષિણ ભાગ પર ઈસરોના સીમ્બોલને છોડતું તેના ઉદેશ્યો સિદ્ધ કરવા આગળ વધશે. રોવરને બહાર નીકળવામાં લગભગ 4 કલાક જેટલો સમય લાગશે. ત્યારબાદ વૈજ્ઞાનિક પરીક્ષણો માટે ચંદ્રની સપાટી પર ફરશે. રોવર ચંદ્રની સપાટી પર ઉતર્યા બાદની 15 મિનિટમાં જ ઈસરોને તસવીરો મળવાની શરૂ થઈ જશે. આ રોવરનો મુખ્ય ઉદેશ્ય ચંદ્રના દક્ષિણ ધ્રુવની સપાટી પર પાણીનું પ્રેસર અને માત્રા નક્કી કરવી,ચંદ્રનું હવામાન, ખનીજ અને તેની સાપટી પર રહેલાં રાસાયણિક તત્વોનું અધ્યયન કરવું.ચંદ્રની સપાટી પર માટીના તત્વોનો અભ્યાસ કરવો તથા હિલિયમ-3 ગેસની સંભાવના તપાસશે, જે ભવિષ્યમાં ઊર્જાનો મોટો સ્ત્રોત સાબિત થઇ શકે છે.

આ પ્રત્યેક ક્ષણના સાક્ષી બનવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન પ્રેમીઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

4pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20